# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25-01-2025** **Morning : 7.10 to 7.20 am**
**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

---

1. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, "સુરત સહિત ભરૂચ, વલસાડ, ડાંગ, નવસારી અને તાપીના વિકાસનો 25 વર્ષનો માસ્ટર પ્લાન તૈયાર."
2. મુખ્યમંત્રી આજે તાપીમાં 240 કરોડ રૂપિયાના વિવિધ પ્રકલ્પોનું ઈ-લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.
3. દિલ્હીમાં આવતીકાલે પ્રજાસત્તાક દિવસની પરેડમાં ભાગ લેવા રાજ્યમાંથી 150થી વધુ લોકોને આમંત્રણ મળ્યું
4. અમદાવાદના નળ સરોવર પક્ષી અભયારણ્યમાં આજે અને આવતીકાલે જળાશયના પક્ષીઓની ગણતરી કરાશે.
5. રાજ્યમાં આગામી સાત દિવસ લઘુત્તમ તાપમાનમાં ઘટાડો થવાની સંભાવના નહીંવત્

-----------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM SURAT LOKARPAN

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, "નીતિ આયોગ પ્રમાણે સુરત સહિત ભરૂચ, વલસાડ, ડાંગ, નવસારી અને તાપીના વિકાસનો 25 વર્ષનો માસ્ટર પ્લાન તૈયાર છે." તેમણે કહ્યું, "સુરત શહેરે સ્વચ્છતા અંગે મેળવેલી સિદ્ધિ સમગ્ર રાજ્ય માટે પ્રેરણાદાયી છે." સુરતમાં ગઈકાલે 350 કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યા બાદ શ્રી પટેલે આ મુજબ જણાવ્યું હતું.

## (બાઈટઃ ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

આ પ્રસંગે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, અનેક મુશ્કેલીઓનો સામનો કરી સુરત દેશનું પહેલા ક્રમાંકનું સ્વચ્છ શહેર બન્યું છે.

## (બાઈટઃ હર્ષ સંઘવી, ગૃહ રાજ્યમંત્રી)

દરમિયાન જર્મન સરકારની કંપની G.I.Z. અને સુરત મહાનગરપાલિકા વચ્ચે શહેરી ગતિશીલતાને સુદ્રઢ બનાવવા સમજૂતી કરાર પણ થયા હતા.

. . . . . . . . . . . . .

# CM TAPI

તાપીમાં આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે 240 કરોડ રૂપિયાના 61 વિવિધ પ્રકલ્પોનું ઈ-લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરાશે.  આ પ્રસંગે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત પણ ઉપસ્થિત રહેશે. શ્રી પટેલ આજે તાપીમાં 10 કરોડ 47 લાખ

રૂપિયાના ખર્ચે તૈયાર થયેલા માછલીઘર સંકુલનું પણ ઈ-લોકાર્પણ કરશે. સાથે જ તેઓ સેન્ટર ફોર એક્સલેન્સ અને સ્ટાફ ક્વાર્ટર બિલ્ડિંગ, માછલી પ્રસંસ્કરણ સભાખંડ, કાર્યશાળા ઈમારતનું પણ ઈ-લોકાર્પણ કરશે.

આ સુવિધાઓની સાથે માછલીમાંથી બનતી વિવિધ વાનગીઓ અને માછલીઘર ઉત્પાદન સભાખંડ સુવિધાઓ સહિત  તાલીમાર્થીઓને રહેવા 15 રૂમ અને વૈજ્ઞાનિકો માટે 6 ક્વાટર્સનું નિર્માણકાર્ય પૂર્ણ કરાયું છે. આ કેન્દ્ર રાષ્ટ્રકક્ષાએ સૌથી વિશાળ સંસ્થા પૈકી એક છે. ઉલ્લેખનીય છે કે, સેન્ટર ઑફ એક્સલેન્સ ઇન એક્વાકલ્ચર, કામધેનુ યુનિવર્સિટી, ઉકાઈ કેન્દ્ર દ્વારા નિયમિત સ્વરૂપે મત્સ્ય ઉછેર અને માછીમારી વિષય પર વિવિધ પ્રકારની તાલીમો આયોજીત કરાશે.

. . . . . . . . . . . . .

# SURAT CR PATIL LOKARPAN

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલ આજે સુરતમાં 25 કરોડ 12 લાખ રૂપિયાના ખર્ચે 24 જેટલા વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરશે. ચોર્યાસી તાલુકાના હજીરા નિર્દિષ્ટ વિસ્તારમાં સમાવિષ્ટ કવાસ, મોરા, દામકા અને હજીરા ગામમાં નિર્દિષ્ટ ભંડોળ યોજના હેઠળ મંજૂર કરાયેલા આ કામોનું ખાતમુહૂર્ત કરાશે.

કવાસ ગામમાં 5 કરોડ 99 લાખ રૂપિયાના પાંચ કામ, મોરા ગામમાં 9 કરોડ 30 લાખ રૂપિયાના ખર્ચે નવ કામ, દામકામાં 2 કરોડ 35 લાખ રૂપિયાના ખર્ચે નવ કામ અને હજીરામાં 7 કરોડ 48 લાખ રૂપિયાના ખર્ચે એક કામનું ખાતમુહૂર્ત કરાશે.

. . . . . . . . . . . . .

# DELHI PARADE AMANTRAN

દિલ્હીમાં આવતીકાલે પ્રજાસત્તાક દિવસની પરેડમાં ભાગ લેવા રાજ્યમાંથી 150થી વધુ લોકોને આમંત્રણ મળ્યું છે. અમદાવાદના ધોળકા તાલુકાના કેલિયાવાસણા ગામનાં સરપંચ હિરલ પટેલે દરેક ઘરમાં પાણીના નળ પહોંચાડવા જેવા અનેક કાર્યો કરતાં તેમને પણ રાષ્ટ્રપતિ દ્વારા આમંત્રણ અપાયું છે. તેમણે આ અંગે પ્રતિક્રિયા આપી હતી.

**(બાઈટઃ હિરલ પટેલ, સરપંચ, કેલિયાવાસણા ગામ, ધોળકા)**

બનાસકાંઠાની સવપુરા ગ્રામ પંચાયતે સરહદી વિસ્તાર વિકાસ કાર્યક્રમ હેઠળ અનેક યોજનાઓ થકી ગામનો વિકાસ કર્યો છે, જેને લઈ ગામના પદાધિકારીઓને પણ આમંત્રણ મળ્યું છે. આ અંગે સવપુરા ગામના તલાટી રણછોડ ચૌધરીએ માહિતી આપી.

**(બાઈટઃ રણછોડ ચૌધરી, તલાટી, સવપુરા ગામ)**

સવપુરા સમૂહ ગ્રામપંચાયતના સભ્ય સવજી ગલ્સરે રાષ્ટ્રપતિનો આભાર વ્યક્ત કર્યો હતો.

**(બાઈટઃ સવજી ગલ્સર, સભ્ય, ગ્રામ પંચાયત)**

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# NAL SAROVAR PAKSHI GANATRI

અમદાવાદમાં આવેલા નળ સરોવર પક્ષી અભયારણ્યમાં આજે અને આવતીકાલે જળાશયના પક્ષીઓની પ્રાથમિક ગણતરી હાથ ધરાશે. આ બે દિવસ દરમિયાન જાહેર જનતા માટે પ્રવેશ પર પ્રતિબંધ લગાવાયો છે. અંદાજે 100 પક્ષીવિદ્, તજજ્ઞ-સ્વયંસેવકો 46 ઝૉન પાડીને પ્રાથમિક પક્ષી ગણતરી કરશે તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

ઉલ્લેખનીય છે કે, પરિસ્થિતિ વિષયક ક્ષેત્ર સહિત 120.82 ચોરસ કિલોમીટર વિસ્તારમાં ગણતરી કરાશે. આ કામગીરીમાં ખલેલ ન પહોંચે તે માટે સ્થાનિક વનવિભાગને સંપૂર્ણ સહયોગ આપવા અગ્ર મુખ્ય વન સંરક્ષક ડૉ. જયપાલ સિંહે જાહેર જનતાને અપીલ કરી છે.

. . . . . . . . . . . . .

# BHUJ WEAPONS EXHIBITION

કચ્છમાં ભુજના સ્મૃતિવન સ્મારક અને સંગ્રહાલય બે દિવસ સુધી સશસ્ત્ર દળ દ્વારા વિવિધ હથિયારોનું પ્રદર્શન યોજવામાં આવ્યું. મુલાકાતીઓએ લાઈટ મશીનગન, એન્ટી-ક્રાફ્ટ મિસાઈલ, યુદ્ધમાં ઉપયોગી વિશાળ ટેન્ક સહિતના હથિયારોને નિહાળ્યા હતા. દરમિયાન સેનાના તજજ્ઞોએ નાગરિકોને વિવિધ હથિયારો અંગે માહિતી આપી હતી. જ્યારે આર્મી બેન્ડ દ્વારા વિવિધ પ્રસ્તુતિઓ રજૂ કરવામાં આવી.

. . . . . . . . . . . . . .

# WEATHER

રાજ્યમાં આગામી સાત દિવસ લઘુત્તમ તાપમાનમાં ઘટાડો નહીં થાય તેમ હવામાન વિભાગે જણાવ્યું છે. હાલમાં સૌરાષ્ટ્ર-કચ્છના ભાગ ઉપર ઉત્તર દિશા તરફથી સીધા પવન આવી રહ્યા હોવાથી આ બંને જગ્યાએ તાપમાનનું પ્રમાણ ઘટ્યું છે. હવામાન વિભાગના નિદેશક એ. કે. દાસે આ અંગે માહિતી આપી હતી.

**(બાઈટઃ એ. કે. દાસ, નિદેશક, હવામાન વિભાગ)**

રાજ્યમાં છેલ્લા 24 કલાકમાં સૌથી ઓછું 7 ડિગ્રી સેલ્સિયસ તાપમાન કચ્છના નલિયામાં નોંધાયું હતું. જ્યારે જુનાગઢના કેશોદમાં 12, ગાંધીનગર અને ભુજમાં 13 ડિગ્રી સેલ્સિયસ, આ સિવાયના તમામ જિલ્લા અને શહેરમાં લઘુત્તમ તાપમાન 14 ડિગ્રી સેલ્સિયસથી વધુ રહ્યું હતું.

. . . . . . . . . . . . .

# BSF BOOT CAMP

સરહદ સુરક્ષા દળ BSF દ્વારા યોજાઇ રહેલા બુટ કેમ્પના નવમા તબક્કાનો બનાસકાંઠાના સૂઈગામ ખાતે ગઇકાલે આરંભ થયો છે. દાંતીવાડાની સરકારી ITIના 20 વિદ્યાર્થી કેમ્પમાં ભાગ લઈ રહ્યા છે. આવતીકાલે આ કેમ્પનું સમાપન થશે.

વિદ્યાર્થીઓને શારીરિક પ્રશિક્ષણની સાથે યોગ, હથિયાર વગર બચાવ અંગે જાણકારી, પડકારોનો સામનો કરવો, મેપ રીડિંગ, સરહદ દર્શન અને સરહદના સંત્રીઓના દિનચર્યા અંગેની અનોખી માહિતી આપવામાં આવે છે.

. . . . . . . . . . . . .

# ROBOFEST BHAVNAGAR WIN

અમદાવાદના સાયન્સ સિટી ખાતે યોજાયેલી રોબોફેસ્ટ ગુજરાતના ચોથા તબક્કામાં હેક્સાપૉડ શ્રેણીમાં ભાવનગરની સર BPTIની ટીમ પ્રથમ ક્રમાંકે વિજેતા બની છે. મૅન્ટર પ્રૉફેસર ચિંતન ઉમરાળિયાના માર્ગદર્શનમાં ઑટોનોમસ રૉબોટ બનાવવા બદલ આ શ્રેણીમાં શિવમ શુક્લ, ખુશી શાહ, કેશવી વાળા અને ધાર્મિક વંકાણીની ટીમને 10 લાખનું ઈનામ મળ્યું છે.

વિજેતા ટીમના સભ્યોએ જણાવ્યું કે, તેમણે બનાવેલો રોબોટ અજાણ્યા સપાટી પર રસ્તો શોધવો, અવરોધ ટાળવા તેમ જ સ્ટેન્ડ પર ચઢી શકવા જેવા કાર્ય કરી શકે છે. ઉલ્લેખનીય છે કે, સાયન્સ સિટી ખાતે ગઈકાલે દેશની સૌથી મોટી રૉબોટિક્સ સ્પર્ધા રૉબોફેસ્ટ ગુજરાતના ચોથા તબક્કાની ગ્રાન્ડ ફિનાલેના સમાપન સમારોહ યોજાયો હતો. દરમિયાન સ્પર્ધાના વિજેતાઓને રોકડ પુરસ્કાર દ્વારા સન્માનિત કરાયા હતા.

. . . . . . . . . . . . .